


## ભાગ્ય લખવાની કલમ

# કર્મ

પ્રથમ આવૃત્તિ, નવેમ્બર ૨૦૧૩, ૨,૦૦૦ પ્રત

લેખન અને ચિત્રાંકન :
બ્રહ્માકુમાર બુરહાનુદ્દીન અલી
આબૂરોડ, રાજસ્થાન

અનુવાદ :
બી.કે. ડૉ. બિપિનચન્દ્ર કૉન્ટ્રાક્ટર

પ્રકાશક :
હેલ્ધી વેલ્ધી હેપ્પી ક્લબ, અમદાવાદ
healthywealthyhappyclub@gmail.com

મુદ્રક :
અમ્બા ઑફસેટ, અમદાવાદ

પ્રાપ્તિ સ્થાન :
ફરિશ્તા કલેક્શન, શાંતિવન સામે, આબૂરોડ, રાજસ્થાન.
ફોન : 098284-28024

© copyright: ‘Healthy Wealthy Happy Club’, Ahmedabad.
No part of this book may be printed or used through any other mode without the permission of the publisher.

# ભૂમિકા

વર્તમાન સમયે આપણે યુગપરિવર્તનકાળમાંથી પસાર થઈ રહયા છીએ જ્યારે કલિયુગની સમાપ્તિ અને સતયુગનો આરંભ થાય છે. આ પાવનવેળાને સંગમયુગ તરીકે ઓળખવામાં આવે છે. આ એ જ સમય છે જ્યારે સ્વયં પરમાત્મા આ ધરા પર અવતરિત થાય છે અને મનુષ્ય આત્માઓને પાવન બનાવી સતયુગની પુનર્સ્થાપના કરે છે.

પરમાત્મા જ્ઞાનના સાગર છે અને આ સમયે જે મુખ્ય જ્ઞાન આપી રહ્યા છે તેમાં એક છે, કર્મોની ગુહ્યગતિનું જ્ઞાન. આપણા જીવનમાં અનેક ઘટનાઓ બનતી હોય છે, કેટલીક સારી તો કેટલીક ખરાબ. સાધારણ રીતે માનવ આ ઘટનાઓને પ્રભુની ઈચ્છા સમજે છે. જ્યારે કંઈ સારું બને છે તો પરમાત્માને ધન્યવાદ આપે છે અને જો કંઈ ખરાબ બને તો એનો દોષ પરમાત્મા પર લાદે છે. મનુષ્ય જેવાં કર્મ કરે છે તેવું ફળ મળે છે. પરમાત્મા કોઈના જીવનમાં દખલ કરતા નથી. પરમાત્મા તો સુખના સાગર છે, તે વળી દુ:ખ કેમ આપે ?

આ અતિ આવશ્યક વિષયને એક સુંદર વાર્તાના માધ્યમથી આ પુસ્તકમાં દર્શાવવામાં આવ્યો છે, જેમાં કર્મ-સિદ્ધાંતનાં ગુહ્ય રહસ્યોની સાથે સાથે પરમાત્મા દ્વારા પ્રાપ્ત અન્ય જ્ઞાનની પણ રજૂવાત કરવામાં આવી છે. એમાં મુખ્ય છે આત્માનું જ્ઞાન, પરમાત્માનો સત્ય પરિચય, રાજયોગ, કાળચક્ર વગેરે.

આશા છે કે આ પુસ્તક વાંચવાથી તમારા જીવનમાં એક સકારાત્મક પરિવર્તન અને વિચારધારામાં એક બદલો આવશે. સાથે સાથે તમે એ પણ જાણી શકશો કે કર્મની કલમ દ્વારા મનુષ્ય પોતાનું ભાગ્ય કેવી રીતે લખે છે.

અમારી આગ્રહભરી વિનંતી છે કે તમે પોતે આ પુસ્તકનો લાભ લો અને સાથે સાથે મિત્ર-સંબંધીઓને ભેટમાં આપી એમને પણ આ શ્રેષ્ઠ જ્ઞાનથી લાભાન્વિત કરો.

**– બી.કે. સીએ. લલિત ઈનાણી**



# ભાગ્ય લખવાની કલમ – કર્મ

ભારતવર્ષની ઔદ્યોગિક રાજધાની મુંબઈ શહેરમાં એક વર્ગ ઊંચી ઈમારતોમાં રહે છે તો બીજો વર્ગ ઝૂંપડપટ્ટીમાં રહે છે. આવા જ એક ઝૂંપડપટ્ટી વિસ્તારમાં એક નાનકડી ઝૂંપડીમાં ૭ વર્ષનો બિરજૂ તેની મા સાથે રહેતો હતો. એના પિતાનું મૃત્યુ ઘણા સમય પહેલાં થઈ ગયું હતું. એનું સંપૂર્ણ પાલન–પોષણ એની મા જ કરતી હતી. બિરજૂની મા નજીકમાં જ બની રહેલી એક ઈમારતમાં મજૂરી કરીને પૈસા કમાતી હતી.

રોજની જેમ આજે પણ બિરજૂ એની માની સાથે બની રહેલી ઈમારત તરફ જઈ રહ્યો હતો. એને ખબર નહોતી કે આજે એના જીવનમાં એક અનહદ દુ:ખદાયક ઘટના બનવાની છે. સડક ઓળંગતા બિરજૂએ સામેની બાજૂએ એક ફુગ્ગાવાળા ફેરિયાને જોયો. ખુશીમાં ને ખુશીમાં તેણે એની માનો હાથ છોડી દીધો અને ટ્રાફિક ભરેલી સડક પર દોડી ગયો. એની મા પણ હાંફળી–ફાંફળી એને બચાવવા દોડી. ત્યારે એક મોટી ચીસ સાથે આખું વાતાવરણ શાંત થઈ ગયું. આ ચીસ બિરજૂની નહિ, પરંતુ તેની માની હતી. બિરજૂએ પાછળ જોયું તો એની માનું મૃત શરીર લોહીલુહાણ થઈને સડક પર પડેલું હતું. બિરજૂ રડતો રડતો એની મા પાસે ગયો. આજે બિરજૂ તદ્દન એકલો થઈ ગયો. આટલી નાની ઉંમરે તે અનાથ થઈ ગયો ! એની એક શરારતને લીધે આજે એની માનો સાથ છૂટી ગયો. હવે આ દુનિયામાં એનું કોઈ જ રહ્યું નહિ.

જ્યાં બિરજૂ ક્યારેક ખૂબ જ રમતિયાળ હતો ત્યાં એના મા–બાપના અવસાન બાદ તે ખૂબ જ ઉદાસ રહેવા લાગ્યો. તેના માટે જીવન એક શ્રાપ બની ગયું. હવે તેણે એનું પેટ જાતે જ ભરવાનું હતું.



નિ:સહાય બિરજૂ કેટલાયે દિવસો સુધી એની ઝૂંપડીમાં ઉદાસ બેસી રહ્યો. આટલા દિવસો સુધી તેણે કંઈ ખાધું નહિ. પરંતુ આવું ક્યાં સુધી ચાલે? છેલ્લે પોતાનું પેટ ભરવા માટે એક ચાની દુકાને કામે લાગ્યો. એ દુકાનનો માલિક ખૂબ જ ગરમ સ્વભાવનો હતો. નાની નાની વાતમાં તે બિરજૂને ઠપકો આપતો અને મારતો હતો. એક દિવસ બિરજૂથી ચાનો પ્યાલો તૂટી ગયો. પછી તો પૂછવું જ શું? એના માલિકે એને નિર્દયતાથી માર માર્યો. નાનકડો બિરજૂ શું કરી શકે? તે કેવળ પોતાની ભૂલની માફી માગતો રહયો. આમ જ એનું બાળપણ ગુલામીમાં વીત્યું.

એક રાતે બિરજૂ જ્યારે એના ઘેર પાછો ફર્યો તો તેણે જોયું કે એના પાડોશીએ એની ઝૂંપડી પર કબજો જમાવી દીધો હતો. બિરજૂ રડતો રડતો દયાની ભીખ માગવા લાગ્યો. પરંતુ એ વ્યક્તિએ તો પોતાનો ઈરાદો પાકો કરી જ લીધો હતો. બિરજૂને ખૂબ જ માર્યો અને ડરાવી-ધમકાવીને ત્યાંથી ભગાડી દીધો. હવે બિરજૂ બેઘર થઈ ગયો અને ફૂટપાથ પર જ રહેવા લાગ્યો.

બિરજૂને બધા અપશુકનિયાળ સમજતા હતા કારણ કે એના પેદા થયાના થોડા જ દિવસોમાં એના પિતાનું મૃત્યુ થયું હતું અને બાળપણમાં જ એની માતા પણ ગુજરી ગઈ. એની સાથે કોઈ પણ દોસ્તી કરવાનું પસંદ કરતું નહોતું. બિરજૂના જીવનમાં પ્રત્યેક દિન કોઈ નવી જ મુસીબત આવતી હતી.

આવી દુ:ખભરી જિંદગીને લીધે તે ખૂબ જ ચીડિયો થઈ ગયો હતો. દરરોજ બિરજૂ પોતાના દુર્ભાગ્યને રડતો હતો અને ભગવાનને ભાંડતો હતો. તેને તો એમ જ લાગતું કે એના જીવનમાં એની સાથે જે કંઈ બની રહયું છે એ માટે ભગવાન જ જવાબદાર છે. આવી રીતે તે જીવન વીતાવતો રહયો.



ધીરે ધીરે સમય વીતવા લાગ્યો. નાનકડો બિરજૂ હવે જુવાન થઈ ગયો. સમયની ઠોકરો ખાતાં ખાતાં એ મુસીબતોથી ટેવાઈ ગયો. જેમ તેમ કરીને તેણે ફરીથી રહેવા માટે ઝૂંપડી બનાવી. સાથે સાથે કમાવા માટે ચાની એક લારી શરૂ કરી. એનો સ્વભાવ ચીડિયો હોઈ એની દુકાન પર બહુ ઓછા ગ્રાહકો આવતા હતા. પરિણામે કમાણી પણ ખૂબ ઓછી થતી હતી. એનો દોષ પણ બિરજૂ પોતાના દુર્ભાગ્યને દેતો હતો.

બિરજૂના લગ્ન રમા નામની યુવતી સાથે થયા. રમા ખૂબ જ ગુસ્સાવાળી અને ચીડિયા સ્વભાવની સ્ત્રી હતી. તે નાની–નાની વાતોમાં ગુસ્સે થઈ જતી. દરરોજ તે બિરજૂને એની ગરીબી માટે કોસતી રહેતી હતી. બિરજૂ એની પત્નીના દુર્વ્યવહારને કારણે હંમેશાં ઉદાસ રહેતો હતો. ભાગ્યે જ કોઈ એવો દિવસ વીતતો જ્યારે એમની વચ્ચે ઝઘડો ન થયો હોય!

ધીરે ધીરે બિરજૂને દારૂ પીવાની આદત પડી ગઈ. તે જેટલું કમાતો તેટલું દારૂ પીવામાં ઉડાડી દેતો. આ કારણે એની પત્ની એના પર વધારે ગુસ્સો કરતી હતી. દારૂના વ્યસને એનું જીવન વધારે બર્બાદ કરી નાખ્યું.

દરરોજ તે રાત્રે મોડો ઘેર આવતો અને પત્ની સાથે ઝઘડતો. એટલું જ નહિ પણ દારૂના નશામાં ઘણીવાર પોતાના લત્તાના રહેવાસીઓ સાથે પણ ઝઘડો કરી બેસતો, જેને લીધે ઘણી વાર જેલમાં પણ જવું પડયું. તેમ છતાં તેણે દારૂ પીવાનું છોડયું નહિ.

બાળપણથી માંડીને અત્યાર સુધી એનું જીવન ખૂબ જ દુ:ખમાં વીત્યું હતું. ભાગ્યે જ એવો કોઈ દિવસ હતો જ્યારે તે હસ્યો હોય! આખી ઝૂંપડપટ્ટીવાળા હજી પણ એને અપશુકનિયાળ જ માનતા હતા. કોઈ પણ એની સાથે વાત કરવા રાજી નહોતું.



એક દિવસ કેટલીક દુષ્ટ વ્યક્તિઓ બિરજૂની લારી પર ચા પીવા આવી. તેઓએ બિરજૂ પર ખીજાઈને કહ્યું કે ચા પીવડાવ. બિરજૂએ તેઓને ચા પીવડાવી. ચા પીધા બાદ બિરજૂએ જ્યારે ચાના પૈસા માગ્યા ત્યારે તેઓ એકદમ ગુસ્સે થઈ ગયા અને બિરજૂ સાથે મનમાન્યું કરવા લાગ્યા. બિરજૂ પણ જોશમાં આવીને હોશકોશ ગુમાવી બેઠો અને બધા સાથે ગમે તેમ બોલવા લાગ્યો. તેથી તેઓ વધુ બગડયા. એક જણે બિરજૂની લારી ઉથલાવી દીધી અને બધો સામાન સડક પર ફેંકી દીધો. જ્યારે બિરજૂ એમની સામે થવા લાગ્યો ત્યારે તેઓએ ભેગા મળી એને સારો એવો મેથીપાક આપ્યો. થોડી વાર પછી જ્યારે બિરજૂ અધમુઓ થઈ ગયો ત્યારે મારવાનું બંધ કર્યું. ત્યારબાદ તે બધા એને ધમકી આપી ત્યાંથી ચાલ્યા ગયા.

આ તમાશો આખા બજારના બધા લોકો જોઈ રહ્યા, પરંતુ કોઈએ પણ બિરજૂને મદદ ન કરી. થોડા સમય પછી બિરજૂ ભાનમાં આવ્યો. તેણે બધો સામાન ભેગો કરી એક બાજૂએ મૂકયો અને ઘર તરફ ચાલવા માંડયું. સાંજ થતાં થતાં તે પોતાને ઘેર પહોંચી ગયો. કણસતાં કણસતાં તેણે એની પત્નીને બોલાવી. બિરજૂની પત્નીએ શાંત્વના આપવાને બદલે એને ઠપકો આપવાનું શરૂ કર્યું. વસતીના બધા લોકો બંનેના ઝઘડાની મજા માણી રહ્યા હતા. હવે બિરજૂ વધુ ઉદાસ થઈ ગયો. જે એક વ્યક્તિ પાસે શાંત્વનાની આશા હતી તેણે પણ એની અવગણના કરી.

હવે બિરજૂને એનું જીવન ખૂબ જ દુ:ખદ લાગવા માંડયું. તેણે ગુસ્સે થઈને આકાશ તરફ જોયું અને પોતાની સાથે થયેલા અન્યાય બદલ ભગવાનને દોષી ઠેરવવા લાગ્યો. ભગવાનને તેણે ખૂબ ગાળો ભાંડી. ભગવાનને ઠપકો આપતાં કહ્યું કે હે ભગવાન, સમગ્ર જીવનમાં કોઈનું ખરાબ કર્યું નથી છતાં હમેશાં એની સાથે જ ખરાબ થયું છે. ભગવાન એની સાથે જ કેમ ખરાબ કરી રહ્યા છે ? ત્યાર બાદ ઉદાસ મને ઝૂંપડીના એક ખૂણામાં જઈને રડતો રડતો સૂઈ ગયો.



મોડી રાત્રે જ્યારે ચારે દિશામાં સન્નાટો છવાયો હતો ત્યારે બિરજૂને એક અલૌકિક અવાજ સંભળાયો, તે સફાળો જાગી ગયો. સામે જોયું તો એને ચારે બાજૂ પ્રકાશ જ પ્રકાશ દેખાયો. વાસ્તવમાં તે એક અલગ જ દુનિયામાં પહોંચી ગયો હતો. ચારે બાજૂ દિવ્ય પ્રકાશ અને અલૌકિક શાંતિ છવાયેલી હતી. બિરજૂને કંઈ પણ સમજાતું નહોતું કે તે અહીં કેવી રીતે પહોંચી ગયો. તે મનમાં ને મનમાં પોતાની સાથે વાત કરવા લાગ્યો કે તે કયાં આવી પહોંચ્યો છે, કયાંક તે મરી તો નથી ગયો ને ! તેણે એના શરીર ને સ્પર્શીને ચકાસ્યું. બધું બરોબર હતું.

તે વખતે બિરજૂને ફરીથી તે જ અલૌકિક અવાજ સંભળાયો. બિરજૂએ ચારે બાજૂ ફરીને જોયું, પરંતુ એ લોકમાં એને એના સિવાય બીજી કોઈ વ્યક્તિ દેખાઈ નહીં. તે અંદરોઅંદર ખૂબ ડરી ગયો. ડરતાં ડરતાં બૂમ પાડી – કોણ છે ?

ત્યારે એની સામે એક દિવ્ય જ્યોતિ પ્રગટ થઈ. એ દિવ્ય જ્યોતિમાંથી અલૌકિક પ્રકાશ બધી દિશાઓમાં ફેલાઈ રહ્યો હતો. બિરજૂ થોડીક ક્ષણ એ અલૌકિક અનુભૂતિમાં ખોવાઈ ગયો. એ દિવ્ય જ્યોતિ બીજું કોઈ નહિ પરંતુ સ્વયં નિરાકાર પરમાત્મા જ હતા. પરમાત્મા બિરજૂ સાથે વાતચીત કરવા લાગ્યા.

પરમાત્મા – મારા વ્હાલા બાળક, હું તારો પિતા છું.

બિરજૂ – તમે મારા પિતા કેવી રીતે હોઈ શકો ? મારા પિતા તો ધણાં વર્ષ પૂર્વે મરી ગયા છે. મને મૂર્ખ ન બનાવો. સાચે જ બતાવો કે તમે કોણ છો ?

પરમાત્મા – હું તારો પિતા જ છું મારા પુત્ર. જે મરી ચૂક્યા છે તે તો તારા શરીરના પિતા હતા. હું તો તારી આત્માનો પિતા છું. હું આખા વિશ્વનો પિતા છું. બધા મને પરમપિતા પરમાત્મા કહે છે.



બિરજૂ (ગુસ્સામાં)– અચ્છા તો તમે ભગવાન છો! હું તમારાથી ખૂબ જ નારાજ છું. તમે તો મને પૂરા જીવનમાં કેવળ દુ:ખ અને દુ:ખ જ આપ્યું છે. બાલ્યકાલથી માંડી ને અત્યાર સુધી મારું અહિત જ કર્યું છે. વળી, મેં કોઈનું શું બગાડયું છે કે આપ મને આટલું દુ:ખ દઈ રહ્યા છો? હવે મારા પર થોડી દયા કરો.

પરમાત્મા (સ્મિત કરતાં) – હું તો તારો પિતા છું ભલા, હું તને શા માટે દુ:ખ આપું? હું તો સુખનો સાગર છું. દુ:ખહર્તા સુખકર્તા છું. હું તો બધાનું દુ:ખ હરીને આખા વિશ્વને સુખ જ આપું છું. હું કદી કોઈને દુ:ખ આપતો જ નથી, મારા બાળક!

બિરજૂ (ઉદાસ મનથી) – આપ તો આખા વિશ્વને ચલાવો છો, આપ જ બધાને સુખ–દુ:ખ આપો છો. જો આપ મને દુ:ખ દેતા નથી તો પછી ક્યા કારણે મને આટલાં દુ:ખોનો સામનો કરવો પડે છે?

પરમાત્મા (પ્રેમ પૂર્વક) – મારા બાળક, સુખ અને દુ:ખ તો કર્મોનું ફળ છે. એમાં હું કંઈ કરતો નથી. જે જેવું કર્મ કરે છે તેને તેવું ફળ મળે છે.

બિરજૂ – પરંતુ મેં તો મારા જીવનમાં કોઈને આટલું દુ:ખ આપ્યું નથી, ન તો કોઈ મોટું પાપકર્મ કર્યું છે. તો પછી મને કેમ દુ:ખ મળી રહયું છે? બાળપણથી અત્યાર સુધી મને દુ:ખ સિવાય કંઈ જ મળ્યું નથી.

પરમાત્મા – બાળક, તું કેવળ તારા આ વર્તમાન જન્મને જ જોઈ રહ્યો છે. પરંતુ તારા પૂર્વજન્મોનાં જે કર્મો હતાં તેનું આ ફળ છે.

બિરજૂ – પૂર્વજન્મ! એ શું હોય છે? મારા આ જન્મની પહેલાં પણ મારો બીજો કોઈ જન્મ હતો?



**પરમાત્મા –** પૂર્વજન્મોનાં રહસ્યને સમજતાં પહેલાં તારે એ જાણવું ખૂબ જ જરૂરી છે કે વાસ્તવમાં તું છે કોણ ?

**બિરજૂ –** મને ખબર છે કે હું કોણ છું. હું બિરજૂ છું, હું મુંબઈ શહેરમાં ચા વેચું છું અને હું આ દુનિયાનો સૌથી વધુ દુર્ભાગ્યશાળી ઇન્સાન છું.

**પરમાત્મા –** આ જ તો સૌથી મોટી ભૂલ તું કરી રહ્યો છે કે તું પોતાને એક શરીર સમજે છે. વાસ્તવમાં આ દુનિયામાં જેટલા પણ મનુષ્યો છે, તે બધા શરીર નથી, પરંતુ શરીરમાં વિરાજમાન અવિનાશી જ્યોતિ આત્મા છે.

**બિરજૂ –** આત્મા !

**પરમાત્મા –** હા, આત્મા. તું એક આત્મા છે.

**બિરજૂ –** આ આત્મા શું હોય છે ?

**પરમાત્મા –** આત્મા એક ચૈતન્ય દિવ્ય શક્તિ છે, જે આ સમગ્ર શરીરને ચલાવે છે. આત્મા જ શરીર દ્વારા સારાં કે ખરાબ કર્મ કરે છે. આકારમાં આત્મા એક સૂક્ષ્મ બિંદુ છે. આત્મા અવિનાશી છે. એનું કદી મૃત્યુ થતું નથી, કેવળ શરીર જ મરે છે. જ્યારે શરીર પુરાણું થઈ જાય છે કે કોઈ આઘાતને લીધે ખરાબ થઈ જાય છે ત્યારે આત્મા એ શરીરને છોડીને બીજું શરીર ધારણ કરે છે. આત્મા દ્વારા જૂના શરીરને છોડવાની પ્રક્રિયાને મૃત્યુ કહે છે અને નવું શિશુ-શરીર ધારણ કરવાને જન્મ કહે છે. એક પછી એક આત્મા અનેક જન્મ લે છે. એને જ પુનર્જન્મ કહે છે. આ જન્મ પહેલાં પણ તારાં કેટલાંય જન્મ થઈ ચૂક્યાં છે.



બિરજૂ – તો શું આપ મને એ બતાવી શકશો કે પૂર્વ જન્મમાં હું કોણ હતો અને મારાં ક્યાં કર્મોને કારણે મને આટલાં દુ:ખ ભોગવવાં પડે છે ?

પરમાત્મા – હા, હા, કેમ નહિ ? એ પૂર્વજન્મોનાં કર્મોનો સાક્ષાત્કાર કરાવવા માટે તો હું તારી સમક્ષ ઉપસ્થિત થયો છું.

પરમાત્મા બિરજૂને એના પૂર્વજન્મનો સાક્ષાત્કાર કરાવે છે. તેઓ એને ભૂતકાળમાં એક નગરમાં લઈ જાય છે. બિરજૂ સમક્ષ એક ભવ્ય મહેલ હતો. તેણે એના જીવનકાળમાં કદી આટલો ભવ્ય મહેલ જોયો નહોતો. થોડા સમય માટે તો તે આમ તેમ જોવા લાગ્યો. પછી ઉત્સુકતાથી પ્રેરાઈને તેણે પરમાત્માને પૂછયું.


બિરજૂ – પ્રભુ, આપ મને ક્યાં લઈ આવ્યા છો ?

પરમાત્મા – હું તને તારા પૂર્વજન્મનો સાક્ષાત્કાર કરાવી રહ્યો છું. અત્યારે આપણે એ નગરમાં છીએ જયાં તેં તારો પાછલો જન્મ વીતાવ્યો હતો.

પરમાત્મા બિરજૂને એ મહેલની અંદર લઈ જાય છે. મહેલમાં ચારે બાજૂ ઘણો પહેરો હતો. બિરજૂ જે પણ વ્યક્તિને જોતો તો વિચારતો હતો કે કદાચ તે વ્યક્તિ પોતે જ છે. તે પોતાના પૂર્વજન્મની વ્યક્તિને જોવા માટે ખૂબ ઉત્સુક હતો. તે વખતે મહેલની અંદરથી અનેક વ્યક્તિઓની દુ:ખ ભરી ચીસો સંભળાવા લાગી. બિરજૂ એ ચીસોને સાંભળીને સ્તબ્ધ થઈ ગયો અને પરમાત્માને પૂછી બેઠો.

બિરજૂ – આ ચીસાચીસનો અવાજ ક્યાંથી આવી રહ્યો છે ?

પરમાત્મા – આ દર્દનાક ચીસો મહેલના કેદખાનામાંથી આવી રહી છે.



પરમાત્મા બિરજૂને કેદખાના તરફ લઈ જાય છે. કેદખાનામાં કેદીઓને સખત રીતે મારવામાં આવી રહ્યા હતા. સમગ્ર વાતાવરણમાં એમની ચીસો ગૂંજી રહી હતી. બધા કેદીઓ સૈનિકો પાસે દયાની ભીખ માગી રહ્યા હતા.

બિરજૂ – આ લોકો ને કયા અપરાધને લીધે મારી રહ્યા છે ?

પરમાત્મા – આ લોકોએ એમના ક્રૂર રાજા રાજવીરસિંહ સામે વિરોધ પ્રદર્શિત કર્યો હતો. તેથી એમના રાજાએ એમને કેદી બનાવી દીધા અને રાજાની વિરુદ્ધ જવાની સજા આપી.

બિરજૂ – આ તો નિર્દોષો પર હળાહળ અત્યાચાર છે. તમે આ અત્યાચારને રોકતા કેમ નથી ?

પરમાત્મા – એ મારું કામ નથી. આ બધું તો કર્મની ગુહ્ય ગતિ છે. જે જેવું કર્મ કરે છે તેને તેવું ફળ મળે છે. આ લોકો પર જે અત્યાચાર કરી રહ્યો છે તેને પણ એનું ફળ અવશ્ય મળશે.

બિરજૂ – એનો અર્થ એ કે આ કેદીઓએ પણ ક્યારેક એવાં કર્મ કર્યાં હશે, જેનું ફળ આજે એમને મળી રહ્યું છે.

પરમાત્મા – સાચું સમજ્યો. મનુષ્યને એનાં કર્મોની સજા આ ધરતી પર જ મળી જાય છે. કાંતો આ જન્મમાં અથવા તો એના આગળ નાં જન્મોમાં.

બિરજૂ – પ્રભુ, આપ મને મારા પૂર્વજન્મનો સાક્ષાત્કાર કરાવવા લાવ્યા હતા. આખરે આ બધામાંથી હું કોણ છું ?

પરમાત્મા(હસતાં હસતાં) – તારા પૂર્વજન્મને જોવા માટે તું ખૂબ ઉત્સુક છે પરંતુ તે પહેલાં તું એ રાજાને જોવા નથી માગતો જે આ નિર્દોષો પર અત્યાચાર કરી રહ્યો છે ?

બિરજૂ – ભલે, જેવી આપની મરજી.

પછી પરમાત્મા બિરજૂને બીજા ઓરડામાં લઈ જાય છે, જ્યાં રાજા રાજવીરસિંહ શરાબના નશામાં ચૂર એના મંત્રીઓ સાથે બેઠો હતો અને એક મહત્ત્વના વિષય પર વાત કરી રહ્યો હતો.



બિરજૂ – આપ મને ક્યાં લઈને આવ્યા છો, અને આ લોકો કોણ છે ?

પરમાત્મા – પેલા રાજાનો આ ખંડ છે. ત્યાં બેઠો છે તે રાજા અને સાથે બેઠા છે એના કેટલાક ખાસ મંત્રીઓ.

તે વખતે રાજાનો એક સેવક રાજા માટે શરાબ લઈને આવે છે. રાજા નશામાં હતો. તેણે એ સેવકને કારણ વગર જ ધમકાવવાનું ચાલું કર્યુ. સેવક તો એ ધમકીને સાંભળી રહ્યો અને પછી ત્યાંથી ચાલ્યો ગયો.

બિરજૂ – અરે ! આ કેટલો ક્રૂર રાજા છે ! વિના કારણે જ બીચારા સેવકને ધમકાવી નાંખ્યો !

પરમાત્મા – દારૂના નશામાં રાજા પોતાનો વિવેક ગૂમાવી બેઠો છે. શરાબ એવી ચીજ છે કે જે અજાણતાં જ વ્યક્તિને વિકર્મ કરવા પ્રેરે છે. તું પણ દારૂના નશામાં ઘણાં ખોટાં કાર્યો કરી બેસે છે. તેથી મારી તને વિનંતી છે કે શરાબથી દૂર રહે. શરાબથી ફાયદો તો કંઈ નથી પરંતુ ખૂબ જ નુકસાન છે.

બિરજૂ – સારું, આપની આ શિખામણને હું આખી જિંદગી યાદ રાખીશ. પરંતુ એ તો કહો કે આપે મને આ દૃશ્ય કેમ બતાવ્યું ?

પરમાત્મા – પેલો સેવક જે હમણાં જ અહીંથી ગયો તેને ઓળખ્યો ?

બિરજૂ – ના, મેં પહેલાં એને કયાંય જોયો નથી.

પરમાત્મા – એ તે જ ચાની દુકાનનો માલિક છે જેને ત્યાં તું ક્યારેક કામ કરતો હતો.

બિરજૂ – શું એ તે જ ચાની દુકાનનો માલિક છે જે પ્રત્યેક ક્ષણ મને વઢયા કરતો અને અકારણ મને મારતો ? એ પાપી સાથે તો આવું જ થવું જોઈએ.

પરમાત્મા(સમજાવતાં) – એટલો ઉત્તેજિત ન થા. કોની સાથે શું થવું જોઈએ અને શું ન થવું જોઈએ, એનો ફેંસલો તુ વિધિના વિધાન પર છોડી દે. જે જેવું કરશે તેને તે કર્મનું ફળ તો અવશ્ય મળશે જ. પરંતુ એની પાછળ તું તારી મનની સ્થિતિને કેમ બગાડે છે ?



ત્યારબાદ પરમાત્મા અને બિરજૂ, રાજવીરસિંહ અને એના મંત્રીઓ વચ્ચે ચાલી રહેલી વાતચીત ને સાંભળી રહ્યા છે. તેઓ નગરમાં થયેલા લોક આંદોલન વિશે વાત કરી રહ્યા હતા.

મંત્રી – મહારાજ, રાજ્યના સર્વ લોકોને તમારી વિરુદ્ધમાં ઉશ્કેરવાનું કાર્ય જે યુવકોએ કર્યું હતું, તેમને અમે પકડી લીધા છે. હવે, તમે જ કહો કે એમની સાથે શું કરવું ?

રાજા – સારું કર્યું કે એ નીચ લોકોને પકડી લીધા. એ લોકોને આપણો વિરોધ કરવાની આકરામાં આકરી સજા મળવી જોઈએ જેથી હવે પછી આપણી વિરુદ્ધ જવાની કોઈ હિંમત પણ ન કરે.

મંત્રી – સાચું કહ્યું મહારાજ. આપણે એ લોકોને મોતની સજા આપવી જોઈએ.

રાજા – ઠીક છે. આવતી કાલે બધાં નગરજનો વચ્ચે એ સર્વને ફાંસી આપી દો અને બધાં નગરવાસીઓને એવી ચેતવણી આપી દો કે જો કોઈ બીજો પણ અમારી વિરુદ્ધ જવાની હિંમત કરશે તો એના હાલ પણ આવા જ થશે.

બિરજૂ – અરે રે! આ રાજા કેટલો નિર્દય અને નીચ છે! તેણે વગર વિચાર્યે જ એ લોકોને મોતની સજા ફરમાવી દીધી ? આવી રીતે તેણે કેટલાયને મૃત્યુ દંડ આપ્યો હશે.

પરમાત્મા – પરંતુ શું તું જાણે છે કે જે લોકોને એ મૃત્યુદંડ આપી રહ્યો છે એ લોકો કોણ છે ?

બિરજૂ – ના. હું તેમને જાણતો નથી.

પરમાત્મા – આ એ જ લોકો છે જેઓએ કાલે તને સખત માર માર્યો હતો અને તારી ચાની લારી ઊંધી કરી નાંખી હતી.

બિરજૂ – શું તેઓ એ જ લોકો છે ? એમને તો આનાથી પણ આકરી સજા મળવી જોઈએ.

પરમાત્મા – શાંત થઈ જા બિરજૂ. હમણાં તો મેં તને શીખવ્યું કે જે જેવું કર્મ કરે છે તેને ફળ આપોઆપ મળી જાય છે. એની ચિંતા કરવી તારું કામ નથી.

બિરજૂ – પરંતુ તેઓએ મારી સાથે ખૂબ દુર્વ્યવહાર કર્યો છે. હું એમણે કરેલો અત્યાચાર કેવી રીતે ભૂલી જાઉં ?



પરમાત્મા – આ બધાનું રહસ્ય તને થોડી જ વારમાં સમજાઈ જશે. તેથી અત્યારે તુ શાંત થઈ જા.

ત્યારબાદ પરમાત્મા બિરજૂને તે મહેલના કેદખાનાના એક એવા ખંડમાં લઈ જાય છે જ્યાં એક કેદી ને રાખવામાં આવ્યો હતો. એ કેદીની દશા ખૂબ જ દયનીય હતી. એનુ શરીર ખૂબ જ કમજોર અને નિર્બળ થઈ ગયું હતું. એ કેદીને બેડીઓથી બાંધ્યો હતો. એના ચહેરા પર એક ઉદાસી છવાયેલી હતી જેથી એવું લાગતું હતું કે તે પોતાના જીવનથી ખૂબ તંગ આવી ગયો હતો.

બિરજૂ – હે પ્રભુ, આ વ્યક્તિ કોણ છે ? આની દશા તો બહુ દયનીય છે !

પરમાત્મા – આ વ્યક્તિ રાજા રાજવીરસિંહનો મોટો ભાઈ છે.

બિરજૂ – આ રાજાનો ભાઈ હોવા છતાં આ કેદખાનામાં શું કરી રહ્યો છે ?

પરમાત્મા – વાસ્તવમાં મોટો રાજકુમાર હોઈ રાજ સિંહાસન પર એનો અધિકાર હતો અને તે એને લાયક પણ હતો. પરંતુ રાજવીરસિંહે એક ષડયંત્ર રચી પોતાના મોટાભાઈને દેશદ્રોહી જાહેર કરી કેદી બનાવી દીધો અને ત્યારબાદ તે પોતે રાજા બની બેઠો.

બિરજૂ – આ તો એ વ્યક્તિ સાથે ખૂબ જ અન્યાય થયો ! આ રાજા તો સાચે જ ખૂબ નિર્દય અને ક્રૂર છે. તેણે તો એના ભાઈને પણ છોડયો નહિ.

પરમાત્મા – હવે, શું તું બતાવી શકે કે એ વ્યક્તિ વર્તમાનમાં ક્યા રૂપમાં છે ?

બિરજૂ – ના. હું એને પણ જાણતો નથી. કોણ છે આ વ્યક્તિ ?

પરમાત્મા – આ તારી પત્ની રમાનો પૂર્વજન્મ છે.

બિરજૂ – અચ્છા, તો આ રમાની આત્મા છે. એની સાથે તો સાચે જ બહુ ખરાબ થયું। કદાચ એટલા માટે જ તે ચિડાયેલી અને ગુસ્સાવાળા સ્વભાવની છે. પરન્તુ રમા તો એક સ્ત્રી છે. એના પૂર્વજન્મમાં તે પુરુષ કેમ ?

પરમાત્મા – મારા બાળક, આત્માનું કોઈ લિંગ નથી. આત્મા ક્યારેક સ્ત્રીનો જન્મ લે છે તો ક્યારેક પુરુષનો જન્મ પણ લે છે. તેં પણ કેટલીયે વાર પુરુષ જન્મ લીધો છે અને કેટલીયે વાર સ્ત્રી જન્મ પણ લીધો છે.



પરમાત્મા – સારું, હવે તું મને કહે કે અત્યાર સુધી આપણે જેટલા લોકો જોયા એમાં તું કોણ છે ?

બિરજૂ – જે રીતે તમે મને જુદા જુદા લોકો સાથે મેળવી રહ્યા છો એ સહુને જોઈને તો એવું લાગે છે કે હું જ રાજા રાજવીરસિંહ છું.

પરમાત્મા – સાચું સમજ્યો. પૂર્વજન્મમાં તું જ રાજવીરસિંહ હતો.

બિરજૂ – શું હું સાચે જ આટલો ક્રૂર અને અત્યાચારી હતો ? મેં તો ઘણાં કુકર્મો કર્યાં છે !

પરમાત્મા – અત્યાર સુધી તો તેં ફક્ત તારા પૂર્વજન્મના કેવળ થોડાં જ દૃશ્ય જોયાં છે. તેં એ જન્મમાં સત્તા ખૂંચવીને એટલા અત્યાચાર કર્યા છે જેની સંખ્યા ખૂબ મોટી છે. બળજબરીથી તેં કેટલાયને કેદી બનાવ્યા, કેટલાયની માલ–મિલ્કત કબ્જે કરી લીધી, ગરીબો પાસેથી એમની શક્તિ બહાર કર વસૂલ કર્યો. હવે, તારી સમજમાં આવ્યું કે આ જન્મમાં તને શા કારણે આટલાં દુ:ખો મળી રહ્યાં છે. જે રીતે તેં પૂર્વજન્મમાં આખા સમાજને દુ:ખ આપ્યું તે રીતે આખો સમાજ તને આ જન્મમાં દુ:ખ આપી રહ્યો છે. પૂર્વજન્મમાં તેં તારા માતા–પિતાને પણ સમ્માન ન આપ્યું અને સાથે સાથે કેટલાંય માસુમ બાળકોને માથેથી મા–બાપનો છાયો છીનવી લીધો જેને કારણે આ જન્મમાં તને અનાથ જીવન મળ્યું.

બિરજૂ – આપે સાચું જ કહ્યું. આ વર્તમાન જીવન તો મેં કરેલાં દુષ્કર્મોનું જ ફળ છે. સાચે જ રાજા બની મેં બીજાઓ પર બહુ અત્યાચાર કર્યા. પૂર્વજન્મનાં આ કર્મોને જોઈને મને ખૂબજ આત્મગ્લાનિ થઈ રહી છે. મને મારા આ જન્મ પ્રત્યે ઘૃણા થઈ રહી છે.

પરમાત્મા – જે વીતી ગયું તે વિશે વિચારવાથી હવે કોઈ લાભ નથી. સારું તો એ છે કે તું તારા ભવિષ્યને સુધારવા માટે વર્તમાન જીવનનો સદુપયોગ કર અને શ્રેષ્ઠ કર્મ કર.



પરમાત્મા – મારા વ્હાલા બાળક, હવે તો તું સ્વીકારે છે ને કે આ જન્મમાં તારી સાથે જે કંઈ બની રહ્યું છે એના માટે જવાબદાર તું પોતે જ છે. મેં તારી સાથે કદી કંઈ ખરાબ કર્યું નથી કે ક્યારે ય દુ:ખ પણ દીધું નથી.

આટલું સાંભળતાં જ બિરજૂની આંખમાં આંસુ આવી ગયાં. હવે એને પોતે કરેલી ભૂલોનો અહેસાસ થઈ ગયો હતો. તે પરમાત્માની સામે ઝૂકી પડયો અને એમની પાસે માફી માગવા લાગ્યો.

બિરજૂ – મને ક્ષમા કરી દો ભગવન્! મેં આપના પર આટલો મોટો આરોપ લગાવ્યો. મને મારાં કર્મોનું જ્ઞાન નહોતું. મેં આખું જીવન આપને જ મારા દુર્ભાગ્ય માટે જવાબદાર ઠેરવ્યા. મારાથી ખૂબ મોટું પાપ થઈ ગયું છે. કૃપા કરી મને આ મહાપાપ માટે ક્ષમા કરો. હું આપને વચન આપું છું કે હવે પછી હું કદી પણ મારા દુર્ભાગ્ય માટે આપને કે બીજા કોઈને પણ દોષ આપીશ નહીં.

પરમાત્મા – મારા બાળક, મેં તો તને કદી દોષિત ગણ્યો નથી, છતાં પણ હું તને માફ કરું છું.

બિરજૂ – હે પ્રભુ, આપ સાચે જ ખૂબ દયાવાન છો. આપ દયાના સાગર છો. હું આપનો ખૂબ ખૂબ આભારી છું કે આપે મને આટલો શ્રેષ્ઠ માર્ગ બતાવ્યો, નહિ તો કોણ જાણે હું જીવનમાં બીજાં કેટલાંય કુકર્મો કરત!

પરમાત્મા – ભલે ને તને હવે કર્મોનું જ્ઞાન થઈ ગયું છે તો પણ તારે પૂર્વજન્મનાં કર્મોનું ફળ તો ભોગવવું પડશે જ.

બિરજૂ – આપની સાથેના આ મિલન બાદ તો મારું જીવન ધન્ય ધન્ય થઈ ગયું છે. આપે મારામાં એટલી શક્તિ ભરી દીધી છે કે હવે હું મારા જીવનના દરેક પડકારને પહોંચી વળવા તૈયાર છું.



બિરજૂ – હે પ્રભૂ, કયાં કારણોથી મને આટલું દુ:ખદાયી જીવન પ્રાપ્ત થયું એની તો મને ખબર પડી ગઈ પરંતુ શું આપ મને એ જણાવી શકશો કે કયાં કારણોને લીધે મને રાજાનો જન્મ પ્રાપ્ત થયો ?

પરમાત્મા – જેવી રીતે તારાં કુકર્મોને લીધે તને આટલું દુ:ખી જીવન મળ્યું તેવી જ રીતે એ જન્મના પહેલાના જન્મમાં તેં ઘણાં પુણ્ય કાર્ય કર્યાં હતાં એના ફળસ્વરૂપ તને રાજાનું જીવન પ્રાપ્ત થયું. પૂર્વજન્મમાં તું એક મહાદાની પુરુષ હતો. તેં તારા એ જીવનમાં અનેકોને મદદ કરી હતી એના ફળસ્વરૂપ તને અનેકોની ખૂબ દુવા મળી. એ શ્રેષ્ઠ કાર્યોને લીધે જ તને સુખદાયી જીવન મળ્યું.

બિરજૂ – મારા મનમાં એવો પ્રશ્ન ઊઠી રહ્યો છે કે જો હું આટલો સારો માણસ હતો તો આના આગલા જન્મમાં એટલો ખરાબ માણસ કેવી રીતે બની ગયો ?

પરમાત્મા – વાસ્તવમાં એ જન્મમાં તને બાળપણથી જ ખરાબ મિત્રોનો સંગ મળ્યો. જેવો સંગ તેવો રંગ. પરિણામે બાલ્યાવસ્થાથી જ તારા આચાર-વિચાર બગડવા લાગ્યા. તને બધા પર રોબ જમાવવાની આદત પડી ગઈ જેનાથી તું એટલો અભિમાની, ક્રોધી અને ક્રૂર બની ગયો.

બિરજૂ – શું એવો કોઈ ઉપાય નથી જેથી કરીને આત્મા પ્રત્યેક જન્મમાં સુખી રહે ?

પરમાત્મા – સુખ પછી દુ:ખ અને દુ:ખ પછી સુખ મળવું તો નિશ્ચિત છે. આ વિશ્વમાં એવી કોઈ વ્યક્તિ નથી જે હંમેશાં સુખી હોય તેમ જ એવી પણ કોઈ વ્યક્તિ નથી જે હંમેશાં દુ:ખી હોય. સુખ અને દુ:ખ જીવનનાં બે પાસાં છે અને દરેક મનુષ્યએ તે ભોગવવાં જ પડે છે.




બિરજૂ – પરંતુ કોઈ તો એવો ઉપાય હશેને જેથી આત્મા હંમેશાં સુખી રહે ?

પરમાત્મા – ઉપાય છે, કર્મોની ગુહ્ય ગતિનું જ્ઞાન. જો મનુષ્યને દરેક જન્મમાં કર્મનું જ્ઞાન રહે અને તે હંમેશાં સારાં કર્મ જ કરતો રહે તો તે હંમેશાં સુખી રહી શકે છે. પરંતુ જો તેને કર્મ અને વિકર્મ શું હોય છે તે ખબર ન હોય તો તે જીવનમાં સત્કર્મોની સાથે સાથે વિકર્મ કરી બેસે છે, જેનું ફળ એને ભોગવવું જ પડે છે.

બિરજૂ – હે ઈશ્વર, શું આપ મને એ દર્શાવશો કે ક્યાં કર્મોને સત્કર્મ કહી શકીએ અને ક્યાં કર્મોને વિકર્મ ગણવામાં આવે છે ?

પરમાત્મા – આ તેં ખૂબજ સારો પ્રશ્ન પૂછયો. વાસ્તવમાં જે કર્મોથી પોતાને અને બીજાઓને સુખ મળે તે કર્મોને સત્કર્મો કહેવાય છે. બીજીબાજૂ, કોઈ પણ એવું કર્મ જેનાથી જાણ્યે અજાણ્યે પણ કોઈને દુ:ખ પહોંચે એને વિકર્મ કહે છે. જેમ કોઈ વ્યક્તિ કોઈને મારપીટ કરે અથવા કોઈ પણ પ્રકારનું દુ:ખ આપે તો તેને વિકર્મ કહેવાય. તે જ વ્યક્તિ જો કોઈને મદદ કરે છે, બધાનું ભલું કરે છે તો તેને પુણ્ય કહેવાય. ત્યાં સુધી કે મનમાં પણ કોઈ ને માટે ખરાબ વિચાર કરવો અથવા મુખથી કોઈના માટે કંઈ ખરાબ બોલવું તે પણ વિકર્મ જ કહેવાય છે.

બિરજૂ – અને શેને આધારે કોઈ વ્યક્તિ હંમેશાં સારાં કર્મ કરી શકે ?

પરમાત્મા – સાચું જ્ઞાન જ વ્યક્તિને સાચો માર્ગ દેખાડી શકે છે. જ્ઞાન દ્વારા જ વ્યક્તિના જીવનમાં આદર્શ આવે છે અને આ શ્રેષ્ઠ આદર્શ જ તેને સત્કર્મ કરવાની પ્રેરણા પૂરી પાડે છે. વાસ્તવમાં જ્ઞાન દ્વારા જ કોઈ પણ વ્યક્તિ એનું જીવન ઉચ્ચ બનાવી શકે છે.



બિરજૂ – શું એવું ન થઈ શકે કે એક જન્મમાં જો આપણે કેટલાંક સારાં કર્મ કર્યાં હોય તો એનું ફળ દરેક જન્મમાં મળે ?

પરમાત્મા (સ્મિત કરતાં) – લાગે છે કે આજે તું મારી પાસે કર્મોનાં બધાં રહસ્યો જાણી જ લેશે. હમણાં તેં મને જે પ્રશ્ન પૂછયો એનો જવાબ આપતાં પહેલાં હું તને એક નાનકડી વાર્તા સંભળાવું છું.

એક વખતની વાત છે. એક રાજા હતો. એને બે રાજકુમાર હતા. રાજાના રાજ્યમાં એક સંન્યાસી આવ્યા. રાજાએ એ સંન્યાસીની દિલથી સેવા ચાકરી કરી. રાજાની સેવાચાકરીથી ખુશ થઈને એ સંન્યાસીએ એને બે ચમત્કારી ફળ આપ્યાં અને બતાવ્યું કે એ ફળ ખાવાથી ખાનારની ઉંમર વધી જાય છે. રાજાને લાગ્યું કે એ ફળ રાજકુમારોને આપવાં જોઈએ. રાજાએ એના બંને રાજકુમારોને એક એક ચમત્કારી ફળ આપી દીધું અને એમને એ ફળની વિશેષતા બતાવી. બંને રાજકુમારોએ આદરપૂર્વક પોતાનાં ફળ લઈ લીધાં. પહેલા રાજકુમારે બહુ જલદી ફળ આરોગી લીધું. બીજા રાજકુમારે પણ ફળ તો ખાધું પરંતુ એનો ઠળિયો પોતાની પાસે રાખ્યો અને એ બીજને ધરતીમાં રોપી દીધું. થોડા જ દિવસમાં એ બીજમાંથી અંકુર ફૂટયો અને થોડાંક વર્ષોમાં એ બીજમાંથી એક વૃક્ષ ઊગી નીકળ્યું. હવે બીજા રાજકુમાર પાસે અનેક ફળો થઈ ગયાં અને એનું આયુષ્ય ખૂબ વધી ગયું.

પરમાત્મા – આ વાર્તા પરથી તું શું સમજયો ?

બિરજૂ – મારા ખ્યાલથી તો બીજો રાજકુમાર ખૂબ જ બુદ્ધિશાળી હતો. તેણે એક ફળમાંથી અનેક ફળો ઉત્પન્ન કર્યાં. જો પહેલા રાજકુમારે પણ તેમ કર્યું હોત તો તેની પાસે પણ અનેક ફળો થઈ જાત. પરંતુ આ વાર્તા સાથે મારા પ્રશ્નને શો સંબંધ છે ?



પરમાત્મા (સ્મિત કરતાં) – જો, એ ચમત્કારી ફળ આપણાં સારાં કર્મોનું ફળ છે. બંને રાજકુમારોને એમના પૂર્વજન્મનાં કર્મોને પરિણામે એક સમાન ફળ મળ્યાં. પરંતુ એક રાજકુમારે એને ખાઈ–પીને સમાપ્ત કરી દીધું. બીજા રાજકુમારે એ ફળને ખાધું તો ખરું પરંતુ ફરીથી એને રોપી પણ દીધું અને આગળ માટે પણ અનેક ફળો તૈયાર કરી દીધાં. કહેવાનો ભાવાર્થ એ છે કે જો કોઈ વ્યક્તિએ પોતાના પાછલા કોઈ જન્મમાં ખૂબ સારાં કાર્યો કર્યાં હોય તો એના ફળસ્વરૂપ એને સુખી જીવન મળશે અને જો આ જન્મમાં પણ તે સારાં કર્મો કરે છે તો પછીના જન્મમાં પણ એને નિશ્ચિત પણે સુખ મળશે જ. પરંતુ જો તે આ જન્મમાં ખરાબ કર્મ કરે છે તો પછીના જન્મમાં દુ:ખી જીવન મળવું પણ નિશ્ચિત જ છે. તારા કિસ્સામાં એવું જ બન્યું છે.

બિરજૂ – એનો અર્થ તો એ થયો કે જો કોઈ વ્યક્તિને સુખી અને ધનવાન જીવન મળ્યું હોય તો તેણે આ જન્મમાં કેવળ પોતાને માટે જ જીવવું જોઈએ નહિ, પરંતુ આ જન્મમાં પણ શ્રેષ્ઠ કર્મ કરીને પોતાનું ભવિષ્ય જીવન પણ શ્રેષ્ઠ બનાવવું જોઈએ.

પરમાત્મા – સાચું સમજ્યો, પરંતુ વાસ્તવમાં મોટાભાગના મનુષ્યો પહેલા રાજકુમારની જેમ કર્મના ફળને ખાઈ–પીને ખતમ કરી નાંખે છે.

બિરજૂ – હે પ્રભુ, શું એવો કોઈ ઉપાય નથી કે આપણે આ કર્મોના બંધનમાંથી હંમેશાં માટે છૂટી જઈએ? શું અમારે એક પછી એક આવી રીતે જ જન્મ લીધાં કરવાનાં?

પરમાત્મા – કર્મના બંધનમાંથી હંમેશાં માટે કોઈ પણ છૂટી શકતું નથી. જે પણ આત્મા આ ધરતી પર આવે છે તે કર્મોના બંધનમાં બંધાઈ જ જાય છે. જન્મ પછી મૃત્યુ નિશ્ચિત છે અને મૃત્યુ પછી જન્મ પણ નિશ્ચિત છે. આ એક અનાદિ અને અવિનાશી ચક્ર છે, જે નિરંતર ચાલ્યા જ કરે છે. આ અવિનાશી ચક્ર ને કારણે જ આજે સમગ્ર સંસાર સ્થિર અને સંતુલિત છે.



બિરજૂ – અમે બધી આત્માઓ આ ધરા પર ક્યાંથી આવીએ છીએ ? શું આત્માઓ આ ધરતીની મૂળ રહેવાસી નથી ?

પરમાત્મા – બધી આત્માઓનું વાસ્તવિક ઘર આ ધરતી નથી પરંતુ ધરતીથી ખૂબ જ દૂર ચંદ્ર, તારાગણથી પણ પાર પરમધામ છે, જેને બ્રહ્મલોક પણ કહે છે. એ જ તારું અને મારું પણ વાસ્તવિક ધામ છે. તે એક લાલ પ્રકાશની દુનિયા છે. એ લોકમાં બધી આત્માઓ પોતાના બીજ રૂપમાં, બિંદુ રૂપે મુજ પરમ આત્માની સાથે રહે છે.

ત્યાર બાદ પરમાત્મા બિરજૂને પરમધામનું દૃશ્ય બતાવે છે. ચારે બાજૂ લાલ પ્રકાશ હતો. એ લાલ પ્રકાશની વચ્ચે તારાઓની જેમ અનેક આત્માઓ ચમકી રહી હતી. તે બધી આત્માઓ એક ઊલટા વૃક્ષના આકારમાં હતી. એ આત્માઓના વૃક્ષની સૌથી ઉપર જ્યોતિર્બિન્દુ પરમાત્મા ચમકી રહયા હતા. થોડા સમય માટે બિરજૂનું સૂક્ષ્મ શરીર પણ અદૃશ્ય થઈ ગયું અને કેવળ એની આત્મા જ રહી ગઈ. તે પણ પોતાને એક આત્મા અનુભવી રહયો હતો. આવો અલૌકિક અનુભવ તેણે કયારેય કર્યો ન હતો. થોડાક સમય માટે તે બધાં કર્મોના બંધનથી મુક્ત થઈ ગયો. પછી ફરી બિરજૂ એના શારીરિક રૂપમાં આવી ગયો.

બિરજૂ – કેટલો દિવ્ય અને અલૌકિક અનુભવ હતો ! હે પ્રભુ, આ લોકમાં આત્માઓ શું કરે છે ?

પરમાત્મા – આ લોકમાં બધી આત્માઓ શાંત રહે છે. અહીં આત્માઓ કર્મથી મુક્ત રહે છે. આ લોકમાં બધી આત્માઓ પોતાના અનાદિ રૂપમાં હોય છે. આત્મા પરમધામમાં ત્યાં સુધી રાહ જુએ છે જ્યાં સુધી વિશ્વ નાટકમંચમાં એના પ્રવેશ માટે પરિસ્થિતિઓ અનુકૂળ ન હોય. સમય થતાં આત્મા પરમધામ છોડીને ધરતી પર જન્મ લે છે.

બિરજૂ – આ વિશ્વને આપે નાટકમંચ શા માટે કહ્યું ?




**પરમાત્મા** – કારણ કે આ વિશ્વ એક નાટકમંચ જેવું છે. આ બધી આત્માઓનો સામૂહિક ખેલ તો છે. જેવી રીતે કોઈ નાટકમાં કલાકાર અનુરૂપ વસ્ત્રો પહેરીને પોતાના નિર્ધારિત સમયે આવીને એનો અભિનય કરે છે, તેવી જ રીતે આ વિશ્વ રંગમંચ પર આત્માઓ એક કલાકારની જેમ પોતાનો પાર્ટ ભજવે છે.

**બિરજૂ** – જો આ બધું નાટક હોય તો આ નાટકની શરૂઆત ક્યારે થાય છે અને એનો અંત ક્યારે થશે ?

**પરમાત્મા** – આ નાટકનો ન તો કોઈ આદિ છે, ન તો એનો કોઈ અંત છે. આ એક અવિનાશી કાલચક્ર છે, જે નિરંતર ચાલ્યા જ કરે છે. આ કાલચક્રમાં ચાર યુગ છે – સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગ. આ ચારે ય યુગોને ભેગા કરીને એક કલ્પ બને છે. એક કલ્પ પછી બીજો કલ્પ, બીજા કલ્પ પછી ત્રીજો કલ્પ એમ નિરંતર ચાલ્યા જ કરે છે. દરેક યુગની અવધિ ૧૨૫૦ વર્ષ હોય છે, જેને કારણે એક કલ્પની અવધિ ૫૦૦૦ વર્ષ થાય છે.

**બિરજૂ**– આપના કહેવાનો અર્થ એ છે કે કળિયુગ પછી સતયુગ આવે છે.

**પરમાત્મા** – સાચું કહ્યું, કળિયુગ પછી ફરીથી સતયુગ આવે છે અને આ ચક્ર નિરંતર ચાલ્યા કરે છે. આ કાલચક્રની સૌથી સુંદર વાત એ છે કે આ સૃષ્ટિ રૂપી નાટકની દર ૫૦૦૦ વર્ષે આબેહૂબ પુનરાવૃત્તિ થયા કરે છે.

**બિરજૂ** – એનો મતલબ શો થયો ?

**પરમાત્મા** – એનો અર્થ એ છે કે તારી સાથે આજે જે બન્યું છે તે ૫૦૦૦ વર્ષ પૂર્વે પણ થયું હતું અને ૫૦૦૦ વર્ષ બાદ પણ તે જ થશે. દરેક કલ્પમાં દરેક આત્મા એક સમાન પાર્ટ ભજવે છે. આ શાશ્વત સત્ય છે અને આ જ આ સંસારનો અવિનાશી નિયમ છે.



બિરજૂ – આ તો ઘણું જ અદ્ભૂત રહસ્ય છે, જે આપે મને બતાવ્યું. હે પ્રભુ, જે ચાર યુગોની વાત આપે કરી તે ચાર યુગોમાં શું શું થાય છે ?

પરમાત્મા – કલ્પને સમય પ્રમાણે ચાર યુગોમાં વિભાજિત કરવામાં આવ્યો છે. સૌથી પ્રથમ સતયુગ હોય છે જ્યારે સમગ્ર સૃષ્ટિ એના સતોપ્રધાન સ્વરૂપમાં હોય છે. ચારે બાજૂ સંપૂર્ણ સુખ અને શાંતિ હોય છે. અહીં બધા જ મનુષ્ય સર્વગુણસંપન્ન, ૧૬ કલા સંપૂર્ણ, અને સંપૂર્ણ પવિત્ર હોય છે. આ કારણે તેમને દેવી–દેવતા કહેવામાં આવે છે. ત્યાં સુધી કે અહીં પશુ–પંખી પણ અહિંસક હોય છે. આ યુગમાં શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણનું રાજ્ય હોય છે. અહીં એક રાજ્ય, એક ભાષા અને એક જ ધર્મ હોય છે. આ બધી વિશેષતાઓને લીધે જ આ યુગને સ્વર્ણિમ યુગ કહેવામાં આવે છે.

ત્યાર બાદ પરમાત્માએ બિરજૂને સતયુગી સૃષ્ટિનો સાક્ષાત્કાર કરાવ્યો. ચારે ય બાજૂ હરિયાળી જ હરિયાળી હતી. ક્યાંક ઝરણાં વહી રહયાં હતાં તો કયાંક સુંદર બગીચા હતા. દરેક દિશામાં સોનાના મહેલ હતા. બગીચાઓમાં દેવી–દેવતાઓ બેહદ સુંદર પોષાક પહેરીને રાસલીલા કરી રહયા હતા. સમગ્ર વાતાવરણમાં કેટલાંય પુષ્પોની સુગંધ ફેલાયેલી હતી. પક્ષીઓનો કલરવ કોઈ મધુર સંગીત જેવો લાગતો હતો. આકાશમાં અનેક પુષ્પક વિમાન ઉડી રહયાં હતાં. એક નદીના કિનારે વાઘ અને ગાય એક સાથે પાણી પી રહયા હતા. આટલી સુંદર સૃષ્ટિ જોઈને બિરજૂ એની સુધબુધ ભૂલી ગયો અને એ સ્વર્ણિમ દશ્યોમાં જ ખોવાઈ ગયો. એને આ દુનિયામાંથી જવાનું મન જ નહોતું થતું. પરંતુ પરમાત્માએ એને ફરી બોલાવી લીધો.

બિરજૂ – કેટલી મનમોહક દુનિયા છે! અહીં બધાં કેટલાં સુખી છે! આના પછી શું થાય છે ?

પરમાત્મા – પરિવર્તન તો સૃષ્ટિનો નિયમ છે સમયની સાથે સાથે સૃષ્ટિનું પણ પરિવર્તન થતું જાય છે. સતયુગ પછી આવે છે ત્રેતાયુગ. આ યુગમાં પણ ચારે બાજૂ સુખ અને શાંતિ હોય છે. પરંતુ સતયુગની સરખામણીમાં બધા મનુષ્યો ૧૪કલા સંપૂર્ણ જ હોય છે.



આ યુગમાં શ્રી રામ અને શ્રી સીતાનું રાજ્ય હોય છે. આ યુગને રજત યુગ પણ કહે છે. બધું મળીને સતયુગ અને ત્રેતાયુગને જ સ્વર્ગ કહેવામાં આવે છે. અહીં દરેક જણ સુખી હોય છે.

પરમાત્મા – ત્રેતાયુગ પછી આવે છે દ્વાપરયુગ. આ યુગથી જ સૃષ્ટિમાં દુ:ખ અને અશાંતિ વધવા લાગે છે. દ્વાપરમાં પ્રકૃતિ રજોપ્રધાન બની જાય છે. મનુષ્ય આત્માઓ ૮ કલા સંપૂર્ણ હોય છે. આ યુગથી જ દુ:ખોની શરૂઆત થાય છે. તેની સાથે સાથે મુજ પરમાત્માની ભક્તિ પણ શરૂ થાય છે. સર્વપ્રથમ ભારતમાં મુજ નિરાકાર શિવની જ શિવલિંગ રૂપે પૂજા થવા લાગી. પરંતુ સમયની સાથે સાથે અવ્યભિચારી ભક્તિ વ્યભિચારી ભક્તિમાં બદલાઈ ગઈ અને મનુષ્યો અનેક દેવી–દેવતાઓની પણ ભક્તિ કરવા લાગ્યા. આની સાથે અનેક ધર્મોની સ્થાપના દ્વાપર યુગમાં જ થઈ. સમગ્ર વિશ્વ અનેક ભાગોમાં વહેંચાઈ ગયું. મનુષ્યોએ ભૂમિ માટે, ધર્મ માટે અનેક યુદ્ધ કર્યાં. હવે સૃષ્ટિ એવી રહી નહિ જેવી સતયુગના આરંભમાં હતી. પવિત્ર મનુષ્ય હવે અપવિત્ર બની ગયા. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર એ પાંચે વિકારો બધા મનુષ્યોને વિકારી બનાવી ચૂક્યા હતા. આમ ને આમ સમય વીતવા લાગ્યો. દ્વાપરયુગ પછી આરંભ થયો કલિયુગ. આ યુગમાં આત્માઓ તમોપ્રધાન અને કલાહીન થઈ જાય છે. ચારેય બાજૂ દુ:ખ જ દુ:ખ ફેલાઈ જાય છે.

બિરજૂ – લોકો કહે છે કે વર્તમાન સમયમાં કલિયુગ જ ચાલી રહયો છે ?

પરમાત્મા – હા, વર્તમાન સમય કલિયુગ જ ચાલી રહયો છે. ત્યાં સુધી કે આ કલિયુગના અંતનો સમય છે. આ સમય સુધી બધી આત્માઓ પરમધામમાંથી આ ધરતી પર આવી ચૂકે છે. અને આ જ સમય છે જ્યારે મારે પણ સ્વયં આ ધરા પર અવતરિત થવું પડે છે. મેં તને પહેલાં પણ બતાવ્યું હતું કે કલિયુગ પછી ફરીથી સતયુગ આવે છે અને એક નવા કલ્પની શરૂઆત થાય છે. કલિયુગ અને સતયુગની વચ્ચેના સમયને સંગમયુગ કહે છે. એ મંગળકારી પળ હવે આવી ચૂકી છે, જ્યાં એક કલ્પ ખતમ થઈને નવા કલ્પનો આરંભ થશે. કલિયુગ પછી ફરીથી નવી સતયુગી દુનિયાની સ્થાપના થશે. એ નવી દુનિયાની સ્થાપના કરવા માટે જ હું આ ધરતી પર આવ્યો છું.



બિરજૂ – એનો અર્થ એ કે વર્તમાન સમયે આપ સૃષ્ટિ પર અવતરિત થઈ ચૂક્યા છો.

પરમાત્મા – હા, એ સત્ય છે કે મેં વર્તમાન સમયે આ ધરતી પર અવતાર લઈ લીધો છે.

બિરજૂ – હે પ્રભુ, આપ ક્યા રૂપમાં અવતરિત થયા છો? આપે ક્યા રૂપે જન્મ લીધો છે?

પરમાત્મા – હું તો અજન્મા છું, હું કદી પણ કોઈ માતાના ગર્ભમાં જન્મ લેતો નથી. પરંતુ હું નિરાકાર છું તેથી મને મારાં દિવ્ય કર્તવ્યો પૂરાં કરવા માટે એક અનુભવી માનવ શરીરનો આધાર લેવો પડે છે અર્થાત્ હું એક શરીરનો આધાર લઈ સતયુગી સૃષ્ટિની સ્થાપના કરું છું.

બિરજૂ – એ ભાગ્યશાળી મનુષ્ય કોણ છે જેના તનના માધ્યમ દ્વારા આપ આપનું દિવ્ય કર્ત્તવ્ય કરી રહયા છો?

પરમાત્મા – એ ભાગ્યશાળી વ્યક્તિ છે પ્રજાપિતા બ્રહ્મા. એ તે જ આત્મા છે જેમણે સતયુગમાં શ્રી નારાયણ રૂપે ભાગ ભજવ્યો. સર્વ મનુષ્યાત્માઓમાં આ જ સર્વોત્તમ છે. તેથી મેં તેમના દેહનો આધાર લીધો છે. આ સમયે સમગ્ર સૃષ્ટિ તમોપ્રધાન થઈ ચૂકી છે અને પ્રત્યેક મનુષ્યાત્મા પતીત થઈ ગઈ છે. હું આવ્યો છું બધી પતીત આત્માઓને ફરીથી પાવન બનાવી પોતાના ઘરે પરમધામમાં લઈ જવા.

બિરજૂ – શું અત્યારે સૃષ્ટિનો અંત આવી ગયો છે?

પરમાત્મા – આ સૃષ્ટિનો અંત નહિ, પરંતુ જૂની–પુરાણી કલિયુગી દુનિયાનો અંત છે. પરંતુ સાથે જ નવી સતયુગી પવિત્ર દુનિયાનો પ્રારંભ પણ છે. એ દુનિયાની એક સુંદર ઝલક તો તું જોઈ ચૂકયો છે. બસ જોતો જા, જલદી એ દુનિયા આવવાની છે મારા વ્હાલા બાળક!



બિરજૂ – એ સતયુગી દુનિયામાં કોણ કોણ જશે ?

પરમાત્મા – એ સતયુગી દુનિયામાં એ જ શ્રેષ્ઠ આત્માઓ જશે, જે આ સંગમયુગના સમયમાં મને આ સાધારણ રૂપમાં પણ ઓળખી કાઢશે અને મારી શ્રીમત પર ચાલીને પોતાના જીવનને ફરીથી દિવ્ય અને પાવન બનાવશે.

બિરજૂ – શું હું પણ એ દુનિયામાં જઈ શકીશ ?

પરમાત્મા – કેમ નહીં ? તું તો શું, વિશ્વની પ્રત્યેક આત્મા એ દુનિયામાં જઈ શકે છે. જો તું પણ મારી બતાવેલી શ્રીમત પર ચાલશે તો તું પણ સતયુગમાં જઈ શકશે.

બિરજૂ – હે પ્રભુ, આપની શ્રીમત શી છે જેના દ્વારા હું એ દુનિયાનો માલિક બની શકું ?

પરમાત્મા – મારી મુખ્ય શ્રીમત છે રાજયોગ.

બિરજૂ – રાજયોગ ! એ રાજયોગ શું છે ?

પરમાત્મા – રાજયોગ સર્વ યોગોનો રાજા છે. એ કોઈ મુશ્કેલ શારીરિક ક્રિયા કે હઠયોગ નથી પરંતુ અત્યંત સરળ ધ્યાન સાધના છે. પોતાના મનને મારી યાદમાં એકાગ્ર કરવું એ જ રાજયોગ છે. સ્વયંને આત્મા રૂપમાં સ્થિત કરીને મને મારા સત્ય સ્વરૂપ, જ્યોતિ રૂપે યાદ કરવો એ જ રાજયોગની વિધિ છે. આ વિધિથી આત્માના મનનો તાર મારી સાથે જોડાઈ જાય છે જેના દ્વારા મારી પાસેથી અપાર શક્તિઓ રાજયોગીની અંદર સમાવા લાગે છે. રાજયોગના નિરંતર અભ્યાસથી આત્મા પાવન બનતી જાય છે. અને સાથે જ એના પાછલાં બધાં પાપકર્મો નો પણ નાશ થાય છે.

બિરજૂ – શું રાજયોગ દ્વારા મારાથી કરાયેલાં પાપકર્મોનો પણ નાશ થઈ જશે ?

પરમાત્મા – હા, તારા માથે અનેક જન્મોનાં પાપોનો જે બોજો છે તે રાજયોગ દ્વારા ખતમ થઈ જશે અને ફરીથી તું પુણ્ય આત્મા બની જશે.



બિરજૂ – એ તો ઘણા આનંદની વાત છે. આખરે હું મારાં કરેલાં પાપકર્મોનો પશ્ચાત્તાપ કરી શકીશ. મારું મન ક્યારનું એ વિચારીને ગભરાઈ રહયું હતું કે આખરે હું મારાં વિકર્મોનો પશ્ચાત્તાપ કેવી રીતે કરીશ. હે પરમેશ્વર, આપે મને આ દિવ્ય જ્ઞાનમાર્ગ દર્શાવ્યો તે બદલ હું આપનો ખૂબ જ આભારી છું.

પરમાત્મા – હું તો તારો પિતા છું. આ તો મારું કર્તવ્ય હતું.

બિરજૂ – હે પ્રભુ, શું હું આ જન્મમાં આપને સાકાર રૂપમાં પણ મળી શકીશ ?

પરમાત્મા – મને સાચા દિલથી શોધવાનો પ્રયત્ન કરજે. હું તને જરૂરથી મળીશ. ખૂબ જલ્દી તારી મુલાકાત એવી આત્માઓ સાથે થશે જે મને મળવાનો સાચો રસ્તો તને બતાવશે.

બિરજૂ – એ આત્માઓ કોણ છે ? હું એમને કેવી રીતે ઓળખીશ ?

પરમાત્મા – બસ, તું ખરા દિલથી મારી પ્રાપ્તિની ઈચ્છા રાખ, તને મારી પ્રાપ્તિ અવશ્ય થશે. મારો સંદેશ લઈને તે આત્માઓ તારી પાસે એક દિવસ આવશે. હવે એ તારા ઉપર છે કે તું એમને ઓળખી શકશે કે નહીં. હવે હું તારી પાસેથી વિદાય લઉં છું. આશા છે કે તને કર્મોનું જ્ઞાન સમજમાં આવી ગયું હશે. હું જાઉં છું. સદા સુખી રહેજે !

એટલું કહેતાં જ પરમાત્મા અદશ્ય થઈ જાય છે. બિરજૂ એમને રોકવાનો પ્રયાસ કરે છે પરંતુ એ એમને રોકી શકતો નથી. ત્યારે બિરજૂની આંખ ખૂલી જાય છે અને તે પોતાને ફરીથી પોતાની ઝૂંપડીમાં જુએ છે. સવાર થઈ ગઈ હતી. સૂરજના કિરણો બારીમાંથી થઈને બિરજૂ પર પડી રહી હતી. એને એ સમજાઈ ગયું હતું કે એણે જે કંઈ અનુભવ કર્યો તે સર્વ એક સ્વપ્ન હતું. બિરજૂના ચહેરા પર એક સ્મિત હતું. તે મનોમન પોતાની જાત સાથે વાતચીત કરી રહયો હતો.

બિરજૂ – શું આ બધું એક સ્વપ્ન હતું? પરંતુ જે કંઈ હોય, અનુભવ ખૂબ જ અલૌકિક હતો. હોય કે ન હોય તે સ્વયં પરમાત્મા જ હતા જે મને આટલું શ્રેષ્ઠ જ્ઞાન આપીને ચાલ્યા ગયા. હું કેટલો ભાગ્યશાલી છું ! એ સતયુગી દુનિયાનાં દશ્ય...એ આત્મિક અનુભવ...એ બધું કેટલું અદ્‌ભૂત હતું !



બિરજૂ પોતાના અલૌકિક અનુભવોનું સ્મરણ કરી જ રહયો હતો ત્યાં તેની પત્ની રમા ત્યાં આવે છે અને ગુસ્સામાં તેને ધમકાવતાં કહે છે.

રમા – શું થઈ ગયું? કેમ આટલો ખુશ છે? શું કાલે પડેલો માર ભૂલી ગયો? ગઈકાલથી ઘરમાં અનાજનો એક દાણો પણ નથી અને તું અહીં બેસી હસી રહયો છે? તને તો કોઈ વાતની પડી જ નથી.

પરંતુ હજી બિરજૂ મલકી રહયો હતો. એને આટલો દિવ્ય અનુભવ જે થયો હતો. ખુશી ખુશીમાં તેણે એ અનુભવ રમાને પણ સંભળાવવા માંડયો.

બિરજૂ – અરે! આ બધી બેકારની વાત જવા દે, ખબર છે તને કે આજે મારા સ્વપ્નમાં કોણ આવ્યા હતા?

રમા – તું તો એવી રીતે પૂછી રહયો છે કે જાણે સ્વયં ભગવાન તારા સ્વપ્નમાં આવ્યા હોય?

બિરજૂ – અરે! તેં તો સાચો અંદાજ લગાવ્યો. આજે મારા સ્વપ્નમાં સ્વયં ભગવાન જ આવ્યા હતા. પરમાત્માએ મને ખૂબ જ અલૌકિક અને અનોખો અનુભવ કરાવ્યો. તેમણે મને કર્મોનાં ગુહ્ય રહસ્યોનું જ્ઞાન આપ્યું. તેમણે મને આવનારી નવી દુનિયાનો સાક્ષાત્કાર કરાવ્યો. અન્ય પણ ઘણા દિવ્ય અનુભવો કરાવ્યા. તને ખબર છે કે આ સમયે તેઓ ધરતી પર અવતરિત થઇ ચૂક્યા છે? તેમણે મને કહયું કે જો હું સાચા દિલથી એમને પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખીશ તો તેઓ મને જરૂર મળશે.

બિરજૂ – ખુશી ખુશીમાં રમાને બધી વાતો બતાવતો હતો પરંતુ એની ગુસ્સાવાળી અને ચીડિયા સ્વભાવની પત્નીને એક પણ વાત સમજાતી નહોતી. એને તો ઊલટું એવું લાગી રહ્યું હતું કે બિરજૂ પાગલ થઈ ગયો છે.

રમા – કેવી ઊંધીચત્તી વાતો કરી રહયો છે. મને તો કંઈ સમજાતું નથી. લાગે છે કે કાલે ગુંડાઓએ તારા માથા પર માર્યું હશે જેથી તું પાગલ જેવી વાતો કરી રહયો છે.

બિરજૂ – નહિ નહિ હું પાગલ નથી. મને સાચે જ આ દિવ્ય અનુભવો થયા.



રમા – હવે આ બધી ચર્ચા છોડ અને ઊઠ. જા કંઈ કમાઈ કરી લાવ. મારુ ભેજું ખા નહિ.

બિરજૂને હવે એની પત્નીની કોઈ વાત ખરાબ લાગતી નહોતી કારણ કે એને હવે કર્મોનું જ્ઞાન મળી ગયું હતું. તેને તો હવે રમા પર બહુ દયા આવી રહી હતી. બિરજૂએ પાછલા જન્મમાં એની સાથે જે કર્યું હતું તેની સામે તો આ બધું કંઈ જ ન કહેવાય. એ વાતને ધ્યાનમાં રાખીને તે પ્રેમપૂર્વક તેની પત્ની પાસે ક્ષમા માગે છે.

બિરજૂ – જો તને મારી કોઈ પણ વાત પર વિશ્વાસ નહિ બેસતો હોય તો કંઇ નહિ, પરંતુ એટલું સમજી લે કે હવે મારું જીવન પૂરે પૂરૂં બદલાઈ ગયું છે. મેં ગયા જન્મમાં અને આ જન્મમાં તારી સાથે ખૂબ ખરાબ વર્તાવ કર્યો છે. તેથી હું એ બધા માટે તારી માફી માગું છું.

રમાને કંઈ જ સમજાતું નહોતું કે વળી બિરજૂ એની માફી કેમ માગી રહયો છે ! થોડા સમય માટે તે શાંત થઈ ગઈ અને આ વાત વિચારતાં વિચારતાં તે પોતાના કામમાં પરોવાઈ ગઈ.

બિરજૂ આજે બહુ જ ખુશ હતો. ગઈ કાલે એની સાથે જે કંઈ ખરાબ થયું હતું તે બધી વાતોને તે ભૂલી ગયો હતો. એટલે સુધી કે તેને જે વાગ્યું હતું તેનું દર્દ પણ ગાયબ થઈ ગયું હતું.

હવે એના મનમાં કેવળ એક જ વાત હતી – પરમાત્માની પ્રાપ્તિ. તે આ ધૂનમાં ઘરની બહાર નીકળ્યો. એના ચહેરા પર ખુશી હતી. એની ચાલમાં હવે ઉમંગ–ઉત્સાહ હતો. જયારે તે વસતિમાંથી પસાર થઈ રહયો હતો ત્યારે બધા એને જોઈને આશ્ચર્યચકિત થઈ રહયા હતા. કારણ કે તેઓએ તેને કદી પણ આટલો ખુશ જોયો નહોતો. બધાના મનમાં એ જ પ્રશ્ન થઈ રહયો હતો કે કાલે તો બિરજૂને સારો એવો મેથીપાક પડયો હતો અને આજે દુ:ખી થવાને બદલે આટલો ખુશ કેમ થઈ રહયો છે. જે લોકો જ્યાં હતા ત્યાં ઊભા રહીને બિરજૂ તરફ જોવા લાગ્યા. આખું વાતાવરણ જાણે શાંત થઈ ગયું.



બિરજૂને હવે કોઈ પણ વાતની પડી નહોતી. તે તો તેની મસ્તીમાં મસ્ત થઈને જઈ રહયો હતો. તે ફરીથી તેની દુકાન ચાલુ કરે છે. આજે તે બધાને હસીને મળી રહયો હતો. સાથે જ તેના મનમાં એ ચાલી રહયું હતું કે ક્યારે તે પરમાત્માને ફરી મળશે. તે હર કોઈને એ જ નજરે જોઈ રહયો હતો કે કોણ એને પરમાત્માનો સંદેશો આપશે.

બપોરના સમયે ફરીથી પેલા ગુંડાઓ એની દુકાન પર આવ્યા, જેઓએ ગઈ કાલે બિરજૂને ખૂબ માર માર્યો હતો. એક ક્ષણ માટે બિરજૂને એમને જોઈને થોડો ક્રોધ આવ્યો પરંતુ તરત જ એને ગયા જન્મની વાત યાદ આવી કે એ લોકો સાથે એણે કેટલો દુર્વ્યવહાર કર્યો હતો. પળ ભરમાં જ એની મન:સ્થિતિ બદલાઈ ગઈ. તે મલકાય છે અને એ લોકોના કહયા વગર જ એમને પ્રેમથી બેસવાનું કહે છે. એમને તો એવું જ લાગે છે કે બિરજૂ એમનાથી બહુ ડરી ગયો છે. તે બધા નજીકમાં રાખેલા એક બાંકડા પર બેસે છે. ત્યાર બાદ બિરજૂ એમને ખૂબ જ પ્રેમથી ચા પીવડાવે છે. ત્યાર બાદ તે એ બધા પાસે ક્ષમાયાચના કરવા લાગે છે.

બિરજૂ – હું તમારા બધાની માફી માગું છું. મેં તમારી સાથે બહુ જ ખરાબ કર્યું છે. મહેરબાની કરીને એ માટે મને માફ કરી દો.

બિરજૂ બનાવટ કરતો નહોતો પરંતુ દિલથી એમની માફી માગી રહયો હતો. બિરજૂની આવી વાતો સાંભળી તેઓ એક બીજા સામે આશ્ચર્યથી જોવા લાગ્યા. તે લોકો વિચારમાં પડી ગયા કે દુર્વ્યવહાર તો તેઓએ એની સાથે કર્યો હતો. ઊલટો, તે એમની જ માફી માગી રહયો છે. તે લોકો થોડીક ક્ષણ ચૂપ થઈ ગયા. એટલામાં એમાંથી એક જણે બિરજૂને પૂછી જ લીધું કે વળી, એ એમની માફી કેમ માગે છે. બિરજૂ બોલ્યો –

બિરજૂ – હું આ જન્મ માટે નહિ પરંતુ ગયા જન્મની મારી ભૂલ માટે માફી માગું છું. મહેરબાની કરીને મને માફ કરો.



એ ગુંડાઓને બિરજૂની કોઈ વાત સમજમાં ન આવી. એમને પણ એવું લાગ્યું કે બિરજૂ પાગલ થઈ ગયો છે. એ લોકોએ થોડી વાર અંદરોઅંદર થોડી વાતો કરી અને ત્યાંથી ચૂપચાપ જતા રહયા.

હવે સંધ્યાકાળ થઈ રહયો હતો. સારો સમય બિરજૂ એ જ ખ્યાલમાં ખોવાયેલો હતો કે ખૂબ જ જલદી તે પરમાત્માના સાકાર સ્વરૂપને ચોક્કસ જોશે. ધીમે ધીમે અંધારું થઈ રહયું હતું. દરરોજ આ સમયે બિરજૂ એની દુકાન બંધ કરી દેતો હતો પરંતુ આજે એણે દુકાન બંધ કરી નહિ. એને ઉમ્મીદ હતી કે કોઈ ને કોઈ પરમાત્માનો સંદેશ લઈને એની પાસે જરૂર આવશે. લાંબા સમય સુધી રાહ જોયા પછી પણ કોઈ ન આવ્યું તો તે એની દુકાન બંધ કરવા લાગ્યો. તે જ વખતે બિરજૂને થોડે દૂર એક સફેદ વસ્ત્રધારી યુવક કોઈ પત્રિકા વહેંચતો દેખાયો. બિરજૂને જિજ્ઞાસા થઈ. તે તરત તે વ્યક્તિ પાસે ગયો અને પૂછવા લાગ્યો.

બિરજૂ – અરે ભાઈ, આ તું શેની પત્રિકા વહેંચી રહયો છે ?

યુવક (મલકાતાં) – મારા ભાઈ, આમાં પરમાત્માનો સંદેશ છે. હું અહીં ઉપસ્થિત સર્વ લોકોને ખુશખબરી આપવા આવ્યો છું કે પરમાત્મા આ ધરા પર આવી ચૂક્યા છે. લ્યો, તમે પણ આ પત્રિકા લ્યો.

બિરજૂ સમજી ગયો કે જેની તે આખો દિવસ પ્રતીક્ષા કરતો હતો તે તેની સામે જ છે. તે મનમાં ને મનમાં ખૂબ ખુશ થઈ રહયો હતો. બિરજૂએ એ વ્યક્તિ પાસે એક પત્રિકા લઈ લીધી અને એટલું કહીને એ યુવક પણ ત્યાંથી ચાલ્યો ગયો. બિરજૂ ઘણા સમય સુધી એ યુવકને જતો જોતો રહયો. ખુશી ખુશીમાં તે એ પણ ભૂલી ગયો હતો કે એને તો વાંચતા આવડતું જ નથી. હવે તે પત્રિકાને કેવી રીતે વાંચશે. ત્યાં સુધીમાં તો એ યુવક નજર સામેથી અલોપ થઈ ગયો. તે ઘણા સમય સુધી એ યુવકને ભીડમાં શોધતો રહયો પણ તે યુવક મળ્યો નહિ. પછી બિરજૂને પોતાની એક ઓળખીતી વ્યક્તિ યાદ આવી, જેને વાંચતાં આવડતું હતું. તે તરત જ પત્રિકા લઈને તે વ્યક્તિ પાસે ગયો અને તેને એ પત્રિકા વાંચીને સંભળાવવા કહયું.

પરિચિત વ્યક્તિ – અરે બિરજૂ! આજે તો તું કંઈ બહુ ખુશ દેખાઈ રહયો છે. શું વાત છે ?



બિરજૂ – આજે તો મારી ખુશીનો કોઈ પાર નથી. જો, એક યુવક મને એક પત્રિકા આપીને ગયો અને કહી રહયો હતો કે પરમાત્માનો સંદેશ છે. શું તમે મને વાંચીને સંભળાવશો ?

પરિચિત વ્યક્તિ – લાવ, જરા વાંચીને તો જોઈએ, આખરે એમાં શું લખ્યું છે.

બિરજૂ તે પત્રિકા એ વ્યક્તિને આપે છે અને ઉત્સુક્તાથી સાંભળવા લાગે છે.

પરિચિત વ્યક્તિ(પત્રિકા વાંચતાં) – જાગો ! જાગો ! ભારતમાં ભગવાન આવ્યા છે. પ્રિય આત્મન્, પરમપિતા પરમાત્મા જે આપણા સહુ આત્માઓના પિતા છે, આપણે સૌ આત્માઓને દુ:ખથી છોડાવવા, પાપોમાંથી મુક્ત કરવા માટે પરમધામથી આ ધરતી પર આવી ચૂક્યા છે. પરમાત્મા આવ્યા છે આપણે સૌ આત્માઓને રાજયોગ શીખવાડી ફરીથી પાવન બનાવવા...

પરિચિત વ્યક્તિ આટલું વાંચતાં જ હસવા લાગે છે...

પરિચિત વ્યક્તિ – શું બકવાસ છે ! આ પત્રિકામાં તો બધું જૂઠું લખ્યું છે. હું એ લોકોને જાણું છું. એ લોકો કેવળ ફાલતૂ વાતો કરે છે. આ તો એમની ચાલ છે લોકોને મૂર્ખ બનાવવાની. તું ક્યાં એમની વાતોમાં આવે છે ? કહે છે કે આ લોકો જાદુ–મંતર પણ કરે છે. તું એમનાથી દૂર રહેજે.

બિરજૂ – શું તમે એમને ત્યાં જઈને કયારેક જોયું છે ?

પરિચિત વ્યક્તિ – ના. જઈને તો કદી જોયું નથી. બસ લોકો જે કહે છે તે તને સંભળાવી રહયો છું.

બિરજૂ – જોયા વગર તમે કેવી રીતે કહી શકો કે આ બધું જૂઠું છે. ખબર છે, સ્વપ્નમાં મને કાલે રાત્રે ખૂબ જ અલૌકિક અનુભવ થયો છે. એમાં સ્વયં પરમાત્માએ મને બતાવ્યું હતું કે આ સમયે ધરતી પર અવતરિત થઈ ચૂક્યા છે. હું તો ત્યાં ચોક્કસ જઈશ. તમે પણ મારી સાથે ચાલો. શું ખબર, સાચે જ આપણને ભગવાનની પ્રાપ્તિ થઇ જાય !




પરિચિત વ્યક્તિ – ના–ના, મને તો તું આ બધાથી દૂર જ રાખજે. મને તો ડર લાગે છે કે ક્યાંક મારું જીવન રવાડે ન ચઢી જાય.

બિરજૂ – સારું, ઠીક છે, તમારે નહિ આવવું હોય તો નહિ આવતા પરંતુ એ તો બતાવો કે એ પત્રિકામાં કોઈ સ્થાનનું સરનામું લખ્યું છે કે કેમ ?

પરિચિત વ્યક્તિ – હા, અહીં નીચે એક સરનામું તો લખ્યું છે.

તે બિરજૂને સરનામું વાંચીને સંભળાવે છે. ત્યાર બાદ બિરજૂ એકલો તે સ્થાન પર ચાલ્યો જાય છે. તે લોકોને સરનામું પૂછતાં પૂછતાં એક બ્રહ્માકુમારી સેવાકેન્દ્ર પર પહોંચી જાય છે. તે ખુશી ખુશી તે સેવાકેન્દ્રની અંદર જાય છે. ત્યાં બ્રહ્માકુમારી બેનો ખૂબ આદર સાથે એને એક યોગરૂમમાં લઈ જાય છે. તે યોગરૂમ માં એક બ્રહ્માકુમારી બેન યોગ અવસ્થામાં બેઠી હતી. સાથે સાથે અન્ય ભાઈ–બહેનો પણ શાંતચિત્ત થઈને યોગનો અભ્યાસ કરી રહયાં હતાં. એ ખંડમાં ઘણી જ શાંતિ હતી. દરેકના ચહેરા પર રૂહાનિયત હતી. બિરજૂ પણ શાંતિથી એ બધાં સાથે બેસી ગયો. તેણે એના જીવનમાં આટલી ગહન શાંતિનો કદી અનુભવ કર્યો ન હોતો.

યોગાભ્યાસ બાદ એક બ્રહ્માકુમારી બેન બિરજૂને એક બીજા ખંડમાં લઈ જાય છે જયાં એક બ્રહ્માકુમારી બેન ઈશ્વરીય જ્ઞાન સંભળાવતી હતી. બધી બેનોનો આવો નિ:સ્વાર્થ ભાવ જોઈને બિરજૂને ઘણું જ સારું લાગી રહયું હતું. ત્યાર બાદ એ બેન બિરજૂને જ્ઞાન સંભળાવવાનું શરુ કરે છે. સર્વપ્રથમ પરમાત્માનો પરિચય આપ્યો. ત્યાર બાદ આત્માનો પરિચય આપ્યો. તે બહેન એ જ જ્ઞાન સંભળાવતી હતી જે પરમાત્માએ બિરજૂને આપ્યું હતું. બિરજૂને હવે પૂરેપૂરો વિશ્વાસ થઈ ગયો કે આ જ સત્ય જ્ઞાન છે અને આ પરમાત્માનું જ્ઞાન જ છે. સેવાકેન્દ્ર પર બિરજૂને રાજયોગ પણ શીખવવામાં આવ્યો.



હવે તે નિયમિત બ્રહ્માકુમારી સેવાકેન્દ્ર પર જવા લાગ્યો. ઈશ્વરીય જ્ઞાન એને ખૂબ જ સરસ લાગવા માંડયું હતું. રાજયોગના અભ્યાસથી એનું જીવન બહુ જ ખુશખુશાલ થઈ ગયું. હવે તેનું જીવન સંપૂર્ણ રીતે બદલાઈ ગયું હતું. જે બિરજૂ ખૂબ ઉદાસ અને ચિડાયેલો રહેતો હતો હવે તે રમણિક સ્વભાવનો થઈ ગયો. જે બિરજૂ કયારેક શરાબના નશામાં લડતો–ઝઘડતો હતો તે હવે વ્યસનમુક્ત જીવન વીતાવવા લાગ્યો હતો. પરમાત્માની શ્રીમત પર ચાલીને તે પોતાના ભાગ્યને ઉચ્ચ બનાવવા લાગ્યો હતો. કર્મોના જ્ઞાને તેને જીવન જીવવાનો નવો માર્ગ બતાવ્યો હતો.

એના જીવનમાં આવેલા આટલા મોટા પરિવર્તનને જોઈને એની પત્ની અને બીજા અનેક લોકો પણ પ્રભાવિત થયા. તે બધાં પણ સેવાકેન્દ્ર પર જઈને ઈશ્વરીય જ્ઞાન લેવા માંડયાં હતા. તે બધાના જીવનમાં ઘણાં સકારાત્મક પરિવર્તન આવવાં લાગ્યાં હતાં.

આના પછી એ દિવસ પણ આવ્યો જયારે બિરજૂને પરમાત્મા સાથે સાકારમાં મિલન મનાવવાનો અવસર પ્રાપ્ત થયો. તે દિવસ તેના માટે ખૂબ જ આનંદનો દિવસ હતો. તે દિવસે તેણે સ્વયં ભગવાનની સામે બેસીને ઈશ્વરીય જ્ઞાનનું શ્રવણ કર્યું. પરમાત્મા સાથેના મિલન પછી એને સંપૂર્ણ નિશ્ચય થઈ ગયો કે ભગવાન આ ધરા પર આવીને નવી દુનિયાની સ્થાપના કરી રહયા છે. ત્યાર બાદ બિરજૂ પણ તન–મન–ધનથી પરમાત્માના દિવ્ય કાર્યમાં પૂર્ણ રીતે જોડાઈ ગયો.

કર્મોનું જ્ઞાન કેવળ બિરજૂ માટે નથી પરંતુ વિશ્વની દરેક આત્મા માટે છે. કર્મ જ કલમ છે જેના દ્વારા પ્રત્યેક મનુષ્ય એનું ભાગ્ય લખે છે.

અને જ્યાં પરમાત્મા સાથે મિલનની વાત છે તો તમે પણ પરમાત્માને મળી શકો છો અને ઈશ્વરીય જ્ઞાનને જીવનમાં ધારણ કરી શકો છો. તમે પણ તમારું જીવન દિવ્ય અને અલૌકિક બનાવી શકો છો. અત્યારે નહિ તો ક્યારેય નહિ. ઓમ્ શાંતિ.

# કર લે માનવ કર્મ કી પહચાન

**શ્રેષ્ઠ કર્મ કી કલમ લગા લે, અપના જીવન દિવ્ય બના લે,**
**કર્મ કી ગતિ અતિ બલવાન, કર લે માનવ કર્મ કી પહચાન.**

**શુભ કર્મો કે બીજ તૂ બો લે, જીવન કા તૂ ભાગ્ય જગા લે,**
**કર્મ હો તેરે ઊંચ મહાન, કર લે માનવ કર્મ કી પહચાન.**

**દુ:ખ ન દેના મન વચન સે, આગે બઢ તૂ સત્કર્મો સે,**
**કર સદા તૂ ગુણો કા દાન, કર લે માનવ કર્મ કી પહચાન.**

**કર્મ ક્ષેત્ર હૈ યહ જગ સારા, ઇસમેં રહ તૂ કમલ સા ન્યારા,**
**કર્મ હો તેરે દેવ સમાન, કર લે માનવ કર્મ કી પહચાન.**

## પરિચય – પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય




પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય એક અંતર્રાષ્ટ્રિય આધ્યાત્મિક શૈક્ષણિક સંસ્થા છે. એની સ્થાપના સન્ ૧૯૩૬ માં સ્વયં પરમપિતા પરમાત્માએ પ્રજાપિતા બ્રહ્માના સાકાર માધ્યમ દ્વારા કરી હતી. આ સંસ્થા ભારતસહિત વિશ્વના ૧૩૯ દેશોમાં ૮૫૦૦થી અધિક સેવાકેન્દ્રોના માધ્યમથી જન જનમાં આધ્યાત્મિક ચેતનાનો વિકાસ કરી રહી છે. બ્રહ્માકુમારીઝ સંયુક્ત રાષ્ટ્ર(UN)નું બિનસરકારી સંગઠન છે તથા યુનિસેફ(UNICEF) તેમ જ આર્થિક અને સામાજિક સંસ્થા(ECOSOC) નું સલાહકાર સભ્ય છે. એને સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા અંતર્રાષ્ટ્રિય શાંતિદૂત પદકથી સમ્માનિત કરવામાં આવ્યું છે. યાંત્રિક શહેરીકરણ, સ્પર્ધાત્મક આજીવિકા અને આધુનિકતાને કારણે ઉત્પન્ન થતી સમસ્યાઓના સમાધાન તેમ જ સામાન્ય જનની સમગ્ર ઉન્નતિ માટે વિવિધ પ્રશિક્ષણ કોર્સ જેવા કે તનાવપ્રબંધન, મહિલાસશક્તિકરણ, સકારાત્મક વ્યક્તિત્વ, પર્યાવરણ સંતુલન, સંપૂર્ણ સ્વાસ્થ્ય વગેરે વિનામૂલ્ય આયોજિત કરવામાં આવે છે. આ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની ગતિવિધિઓનું સફળ સંચાલન સ્થિર મન, સતત પ્રવાહિત પ્રજ્ઞા તથા અદ્વિતીય વ્યક્તિત્વની માલિક ચીરતરુણ દાદી જાનકીજીના માર્ગદર્શન તેમ જ પરમાત્મા પિતાની પ્રેરણાથી થઈ રહ્યું છે. સંસ્થાનું અંતર્રાષ્ટ્રિય મુખ્યાલય પાંડવભવન, આબૂપર્વત છે.

**www.brahmakumaris.com**
**www.bkwsu.org**